# જાહેરાત

ભારત સરકારશ્રીની કેન્દ્ર પુરસ્કૃત સંકલિત બાળ વિકાસ યોજના ( **ICDS**) અંતર્ગત આઈ.સી.ડી.એસ શાખા,જિલ્લા પંચાયત. બોટાદ દ્વારા કાર્યરત બોટાદ જીલ્લાના આંગણવાડી કેન્દ્રો માટે આંગણવાડી કાર્યકર/તેડાગરતરીકે માનદસેવાઓ લેવા માટેના માનવબળની જાહેરાત સને.૨૦૨૬-૨૭

આઈ.સી.ડી.એસ શાખા,જિલ્લા પંચાયત બોટાદ હસ્તકના ઘટકોના આંગણવાડી કેન્દ્રોમાં આંગણવાડી કાર્યકર/તેડાગરતરીકે લેવાના થતા માનવબળની વિગત. (અરજી માટે વેબસાઈટ**https://e-hrms.gujarat.gov.in**)

| તાલુકાની સંખ્યા | ઘટકની સંખ્યા | માનવબળ તરીકે આંગણવાડી કાર્યકરમાં લેવાની થતી હાલની/સંભવિત સંખ્યા તેમજ ગામના નામ | માનવબળ તરીકે આંગણવાડી તેડાગરમાં લેવાની થતી હાલની/સંભવિત સંખ્યા તેમજ ગામના નામ |
|---|---|---|---|
| ૪ | ૬ | <u>કુલ-૩૦ (જગ્યા કાર્યકરની)</u><br>(લાઠીદડ-૩(૧),હડદડ-૨(૧),,નાની વીરવા(૧),,ગઢડિયા-૨(૧),ઝરીયા(૧),,પાળીયાદ-૫(૧),નાના પાળીયાદ-૧(૧),,જનતા સોસાયટી(૧),મોરારી નગર(૧),,સી.ટી જીન(૧),,પાટીવાળાની વાડી(૧),ઝવેરનગર(૧),બોડીયા-૧(૧),બગડ-૨(૧),,માંડવધાર -૫(૧),,ઈંગોરાળા ગીરા(૧),,સીતાપર(૧),,રસનાળ-૧(૧),,માંડવધાર-૨(૧),,ગઢડા-૯(૧),,ઉગામેડી-૨(૧),,ટાટમ-૫(૧),,ગઢડા-૮(૧),,ખોપાળા-૩(૧),,ચોકડી-૧(૧),,રામપરા-૧(૧),,રામપરા-૨(૧),,પોલારપુર-૧(૧),,પોલારપુર-૩(૧),,ઢાઢોદર(૧),.) | <u>કુલ-૩૩ (જગ્યા તેડાગરની)</u><br>(ઝીન્ઝાવદર-૨(૧),,ભદ્રાવડી-૩(૧),,પાળીયાદ-૮(૧),,રચીત નગર(૧),,ગાંડા વકીલની વાડી(૧),,કાદરશેઠની વાડી(૧),,રેલ્વે કોલોની(૧),,શિવનગર-૨(૧),,ભગતની વાડી(૧),,ભરતનગર(૧),,ગુંદા-૨(૧),,રાણપુર-૨(૧),,રાણપુર-૭(૧),,રાણપુર-૯(૧),,ઉમરાળા-૧(૧),,નાગનેશ-૫(૧),,ગઢાળી વેસ્ટ-૧(૧),,વાવડી-૧(૧),,માંડવા-જ(૧),,ઢસાગામ-૫(૧),,ગઢડા-૮(૧),,ગઢડા-૨૫(૧),,ગઢડા-૧૨(૧),,રતનપર(૧),,ગઢડા-૧(૧),,નિંગાળા-૩(૧),,ઉગામેડી-૫(૧),,અડતાળા-૩(૧),,રતનપર વસાણીપરા(૧),,બરવાળા-જ(૧),,શાહપુર(૧),,કાપડિયાળી-૧(૧),,રોજીદ-૧(૧),) |

- માનદ સેવાઓ આપવા ઈચ્છુક મહિલા જે તે આંગણવાડી કેન્દ્રના મહેસુલી ગામના વિસ્તારની સ્થાનિક રહેવાસી હોવી જોઈએ તથા તે અંગેનું મામલતદારશ્રી દ્વારા ઈશ્યુ કરેલ જન સેવા કેન્દ્રનું નિયત નમુનાનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે.
- સદર માનદસેવા બાબતે અરજી કરવાની છેલ્લી તારીખને કટ-ઓફ ડેટ ગણવામાં આવશે. અરજી કરવાની છેલ્લી તારીખે માનદ સેવાઓ આપવા ઈચ્છુક મહિલાની ઉંમર,શૈક્ષણિક લાયકાત અને અન્ય નિયત લાયકાત માટેના માપદંડ પૂર્ણ થયેલા હોવા જોઈએ.
- આંગણવાડી કાર્યકર/તેડાગર માનવબળની સેવા માટે અરજી કરનાર ઈચ્છુક મહિલાની ઉમર અરજી કરવાની છેલ્લી તારીખે ૧૮ વર્ષ પૂર્ણ હોવી જોઈએ અને ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઈએ.અગ્રતા ધોરણે આંગણવાડી કાર્યકર તરીકે માનવબળની સેવા માટે અરજી કરનાર તેડાગરની ઉંમર અરજી કરવાની છેલ્લીતારીખે ૪૩વર્ષથીવધુ ન હોવી જોઈએ.
- અરજી માટે વેબસાઈટ https://e-hrms.gujarat.gov.in ઉપર દર્શાવેલ સૂચનાઓ અને નિયમો વાંચીને અંગ્રેજીમાં ફોર્મ ભરવાનું રહેશે.ઓનલાઈન અરજી જાહેરાત પ્રસિદ્ધ થયાથી દિન ૨૪ માં તા .૨૧/૦૯/૨૦૨૬ થી તા૧૪/૧૦/૨૦૨૬ (રાત્રે ૧૨:૦૦ કલાક)સુધીમાં કરવાની રહેશે.
- ઓનલાઈન અરજી https://e-hrms.gujarat.gov.in વેબસાઈટમાં આપેલ વિગતો પ્રમાણે કરી શકાશે.આંગણવાડીની માનવબળની માનદ સેવા માટે અરજી કરવા જે તે આંગણવાડી કેન્દ્રને પસંદ કરી આંગણવાડી કાર્યકર/તેડાગર માટે અરજી કરવાની રહેશે.
- આંગણવાડી કાર્યકર-૧૦૦૦૦/- અને આંગણવાડી તેડાગર-૫૫૦૦/- મળતા માનદવેતન પ્રમાણે માનવબળની માનદ સેવા માટે સામાન્ય શરતો મુજબની લાયકાત,ઉંમર અને શૈક્ષણિક લાયકાત ધરાવતા માનદ સેવા આપવા ઈચ્છુક મહિલાની ઓનલાઈન મેરીટ યાદી બનાવવામાં આવશે.આંગણવાડી કાર્યકરની શૈક્ષણિક લાયકાત ધોરણ ૧૨ પાસ અને આંગણવાડી તેડાગરની શૈક્ષણિક લાયકાત ધોરણ ૧૦ પાસ છે. જો કે વધુ લાયકાત ધરાવતાં ઈચ્છુક મહિલા અરજી કરી શકશે.શૈક્ષણિક લાયકાત અને પ્રાપ્ત ગુણનાં ભારાંક અન્વયે મેરીટ યાદી તૈયાર થશે. લેવાના થતા માનવબળની સેવા માટે વિચારણા હેઠળના આંગણવાડી કેન્દ્રવાર ઓનલાઈન મેરીટ યાદી નિયત પદ્ધતિ અનુસરીને જાહેર કરવામાં આવશે.
- આ માટેની અરજી કરવાની પધ્ધતિ અને માર્ગદર્શિકા ઉપરોક્ત વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે. જે ધ્યાનપૂર્વક વાંચી તથા સમજીને ઓનલાઈન આવેદન કરવાનું રહેશે. ઓનલાઈન આવેદન કરતી વખતે તમામ વિગતો નિયમોનુસાર સાચી અપલોડ કરવામાં આવતા ડોકયુમેન્ટ સુવાચ્ય અને નિયત નમૂના અનુસારના હોવા જોઈશે. જો કોઈ પણ સ્તરે માનદસેવા આપવા ઈચ્છુક મહિલા દ્વારા આપવામાં આવેલ વિગતો ખોટી અથવા અસ્પષ્ટ હશે તો તેઓની અરજી રદ્દ કરવાને પાત્ર થશે અને આ અંગે કોઈ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહીં જેની ખાસ નોંધ લેવી.
- બોટાદ જિલ્લાના બરવાળા તાલુકાના શાહપુર તેમજ રાણપુર તાલુકાના ગુંદા ગામમાં આંગણવાડી તેડાગર માટેની ભરતી અન્વયે ગત ત્રણ પ્રયત્નોથી ઉમેદવારની ઉમેદવારી નોંધાયેલ ન હોય જે અન્વયે મહિલા અને બાળ વિકાસ વિભાગના તા-૨૫/૧૧/૨૦૧૯ ના ઠરાવને ધ્યાને લઇ શૈક્ષણિક લાયકાતની છૂટછાટને ધ્યાને લેવાની રહેશે.
- તા.૨૫/૧૧/૨૦૧૯નાં મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક આઈસીડી/૧૦૨૦૧૯/૧૬૫૨/બ (પાર્ટ-૨)માં દર્શાવેલ ૭.૬ ની શરતોને ધ્યાને લેવામાં આવશે.
- મહિલા અને બાળ વિકાસ વિભાગના વખતો વખતના સુધારા ઠરાવોને(ઉક્ત વેબસાઈટ પર ઉપલબ્ધ)ધ્યાને લેવાના રહેશે.
- વધુ માહિતી માટે બોટાદ જિલ્લાનાં સંબંધિત તાલુકાના બાળ વિકાસ યોજના અધિકારીની કચેરીનો સંપર્ક કરવો.

જીલ્લા વિકાસ અધિકારી

Signature Not Verified
Signed by : Bharat Parmar
District Development Officer
District Panchayat - Botad
Date : 2026.09.19 19:32:11 IST

File No: DPBTD/paa/e-file/3534/2026/1360/I.C.D.S.
Approved By: District Development Officer,Panchayat,DPBTD

Open the document in Adobe Acrobat DC to verify the E-sign

Signature Not Verified
Signed by : Bharat Parmar
District Development Officer
District Panchayat - Botad
Date : 2026.09.19 19:32:11 IST